SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com

# જ્ઞાનીકવિ અખો

ડૉ. રામભાઈ રામ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જ્ઞાનમાર્ગી કવિ અખાનું પદ સાહિત્ય નોંધપાત્ર છે. મધ્યકાળમાં મોટે ભાગે પ્રેમલક્ષણાના ભક્તિ કાવ્યો વિશેષ મળે છે. જ્ઞાનીને કવિ ન ગણીશ એમ કહેનારો અખો પરમાત્માની અનુભૂતિ પ્રાપ્ત કરેલો તત્વજ્ઞાની કવિ છે. એના પદ કાવ્યોમાં બ્રહ્માનુભવની સચ્ચાઈનો રણકો છે. અખાના અવાજમાં આહવાન છે, એક પડકાર છે. અખાના સમયમાં ભક્તિનો જુવાળ મહદંશે ઓછો થવા લાગ્યો હતો. ભક્તિ પ્રવાહમાં ઓટ આવતા તત્કાલીન લોકસમાજમાં વૈભવ અને વિલાસ વધી ગયા હતા. દંભ અને લોલુપતાને કારણે સમકાલીન જીવનશૈલી ખોખલી બની. પરિણામે અખો પોતાની સ્વકીય આત્માનુભૂતિ દ્વારા નિર્ગુણ ઉપાસનાનો માર્ગ અપનાવે છે.

બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે; જીવ અને બ્રહ્મ એકબીજાના પૂરક છે. જીવ બ્રહ્મથી જુદો નથી. તેના પદ કાવ્યોનો મુખ્ય વિષય આત્માનું ભવનું કથન અને તત્વજ્ઞાનનું રહસ્ય છે. શંકર મતના કેવલદ્વૈતનો સિદ્ધાંત અખાના સમગ્ર પદકાવ્યોનું પરમલક્ષ્ય છે. કવિ ઉમાશંકર જોશી તેને ગરવો જ્ઞાનનો વડલો કહીને નવાજે છે. અખાના પદકાવ્યોમાં વેદ, ઉપનિષદ, ગીતા, શાંતિ, પર્વ, સુત્રોનું ભાષ્ય ભાગવદનું તેણે કરેલું ચિંતન મનન છે. અખાના પદકાવ્યોમાં જોવા મળતું તાત્વિક જ્ઞાન ઉચ્ચ કોટીનું છે. પંચીકરણ, છપ્પા, ગુરુશિષ્ય સંવાદ, અખેગીતા, અનુભવબિંદુ, સાખી, દુહા તથા છૂટક મળતા પદ વગેરે તેમણે આપેલું સાહિત્યિક પ્રદાન છે. તેમના સમગ્ર પદોમાં મુખ્ય વિષય તરીકે પિંડ, બ્રહ્માંડ, વિવેક, જીવ, જગત અને ઈશ્વરનું સ્વરૂપ, તેમનો બ્રહ્મ સાથેનો અદ્વૈત સંબંધ, માયાનું સ્વરૂપ, માયાને નાશ કરવાના ઉપાયો, આત્મ સાક્ષાતકારનું યોગ્ય માર્ગ અને સાધનો, ગુરુનો મહિમા, બ્રહ્મ પ્રાપ્તિ માટે વૈરાગ્ય ભક્તિ અને જ્ઞાનની આવશ્યકતા, બ્રહ્માનુભવનો આનંદ વગેરે ગણાવી શકાય. સમગ્ર જગતમાં એક જ તત્વ સનાતન છે અને એ તત્વ શબ્દાતીત રહી જાય છે. એટલું મૂલ્યાંકન છે આ શબ્દ તત્વની અનુભૂતિ અખાને થઈ અને સ્થિર જ્ઞાનાવસ્થાની ઉપલબ્ધિ પ્રાપ્ત થયા પછી તે ખુમારીપૂર્વક લખે છેઃ ભાષાને શું વળગે ભૂર ? રણમાં જીતે તે શૂર. કોઈપણ પ્રકારની ગફલત આપણને અખાની ભાષામાં જોવા મળતી નથી. અખા પાસે ભાષા ભંડોળ સમૃદ્ધ છે. એને શબ્દ ક્યાંય શોધવા જવું પડતું નથી. સડસડાટ ધસતો ભાષાનો પ્રવાહવેગ અખાના પદોમાં જોવા મળે છે. છીંડું ખોળતા લાધી પોળ, એક અફીણ બીજો સંસારી રસ, અધિક કરે તેમ આપે કસ, અણસમજીઓ જીવ બીજું ઝાંખરું, જ્યાં દેખે ત્યાં વળગે ખરું., આખો માય કરે ફજેત, ખાતા ખાંડને જાળતા રેત; પ્રભાવક ઉદાહરણો અખાના પદ કાવ્યોમાં ઠેર ઠેર જોવા મળે છે

તેમનો આત્માનુભવ તાત્વિક હતો, એટલો જ મજબૂત હતો. તેમની કૃતિ પંચીકરણમાં તત્વજ્ઞાન પ્રાપ્તિ માટે શરીરના પંચીકરણ વિશે સમજૂતી આપી છે. કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિય વિશે તાત્વિક નિરૂપણ કરવામાં આવ્યું છે. ગુરુશિષ્ય સંવાદમાં પંચમહાભૂતોના લક્ષણો, માયાના ઉપાયો, માયાની ભેદકતા વિશે તત્વજ્ઞાન રજૂ થયું છે. અનુભવ બિંદુ અને અખીગીતામાં બ્રહ્માનુ ભવને વિષય તરીકે વ્યક્ત કર્યો છે. જીવ અને જગતનું મિથ્યાપણું જીવ અને બ્રહ્મ અંગેનો તાત્વિક ખ્યાલ અદ્વૈતાનુભવ એમ અખાએ જીવનભર ચિંતવેલું તત્વજ્ઞાન આ પદોમાં રજૂ કર્યું છે. જીવભાવ છૂટે અને બ્રહ્મભાવો વિલશે એનું રહસ્ય અખાએ દર્શાવ્યું છે. ગુરુ મહિમા માયાનું સ્વરૂપ ભક્તિ જ્ઞાન વૈરાગ્યનો મહિમા અખેગીતામાં પ્રસ્તુત થયો છે. કબીરની આક્રોશવાણી સાથે અખાની વાણીની તુલના કરી શકાય. તે કબીરની જેમ કટાક્ષ બાણનો પ્રહાર કરે છે. અખાએ આરંભમાં સગુણ ભક્તિ અને પછીથી નિર્ગુણ ભક્તિનો મહિમા કર્યો છે.

અખાના છપ્પામાં ભક્તનું વેવલાપણું, જડતા, બાહ્યાચારો, દંભ, મિથ્યાઉપદેશ, પંડિતોનો અહંકાર આ બધા વિષયો પર પ્રહારો જોવા મળે છે. એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ, પાણી દેખી કરે સ્નાન; વા વાયા થી નળીયુ ખસ્યું તે દેખીને કૂતરું ભસ્યું, તિલક કરતા તેપન થયા જપમાળા ના નાકા ગયા; એમ તીખી વાણીમાં અખાયે કટાક્ષ બાણ માર્યા છે. અખાનું જ્ઞાન માત્ર દાર્શનિક જ્ઞાન નથી તેમાં પરમતત્વની અનુભૂતિની સચ્ચાઈ છે. અખાએ તત્કાલીન સમાજમાં આડંબર, દંભ અને મિથ્યાચાર જોયા તે બાદ એણે આત્મદર્શનની પરમાત્મા પ્રાપ્તિની

ઝંખના રાખી છે. તે માટે અખો સાચા સદગુરુની શોધ આદરે છે. ખરું આત્મદર્શન અને બ્રહ્મ તત્વનું રહસ્ય તરફની અખાની અનુભૂતિ અહીં શબ્દ રૂપ પામે છે. અખાના સમયમાં શાસ્ત્રકારો પંડિતો કવિઓ સમકાલીન સમાજમાં ચાલતા ધર્મ, ક્રિયાકાંડ, બાહ્યાચાર અંગે જે જ્ઞાન આપે છે તેનાથી અખો મહદંશે જુદો પડે છે. કેમકે વાસ્તવ જીવનમાં રહેલી પોકળતા તેમજ અજ્ઞાનમાં પુરાયેલા લોકો સંસારી જીવન માયાના બંધનમાંથી મુક્ત કરવા અખાએ પોતાની અનુભૂતિને લોકહિત માટે પદ કાવ્યો રચ્યા છે.

વિદ્વાનોનો મત છે કે અખાના પદો અને સાખીઓ પર હિન્દી ભાષાનો પ્રભાવ પડેલો છે. કબીરની ધારદાર વાણીની અસર અને તેની અભિવ્યક્તિની અખામાં સ્પષ્ટ જણાઈ આવે છે. તેમણે મધ્યકાળના અન્ય કવિઓની જેમ કક્કો વાર તિથિ માસ જેવી લઘુ સ્વરૂપની પદ રચનાઓ પણ આપી છે. બ્રહ્મલીલા તથા સંતપ્રિયા હિન્દી રચનાઓમાં અખાયે પ્રચલિત કાવ્ય સ્વરૂપ દ્વારા પોતાની વાણીને આધ્યાત્મજ્ઞાનનો વિષય બનાવી ચિંતનાત્મક રચનાઓ આપી છે. આ ઉપરાંત તેમની પાસેથી ઝૂલણા, સોરઠા જેવી છંદ વૈવિધ્ય દષ્ટિએ અલગ તરી આવતી વિશિષ્ટ લઘુ રચનાઓ પણ આપી છે. તેમના પદોમાં જોવા મળતું વૈવિધ્ય તેનું નોંધપાત્ર યોગદાન છે.

ભાષાની દષ્ટિએ આગળ જણાવ્યું તેમ ભાષા સમૃદ્ધિ એ કવિ તરીકે અખાની સૌથી મોટી ઉપલબ્ધિ છે. આખો પોતાના પદકાવ્યોમાં પ્રાસયોજના બહુ સાહજિક રીતે સિદ્ધ કરે છે. અખાનું પ્રાસ સામર્થ્ય તેમની આગવી વિશેષતા બની રહે છે. અખો આંતરપ્રાસ પણ રચી જાણે છે. આંતરપ્રાસ ને કારણે લયમધુર્ય જન્માવે છે. અલંકાર પ્રચુર વિનિયોગ પણ તે કરી જાણે છે. ઉપમા રૂપક દષ્ટાંત જેવા અલંકારો પણ તેમના પદ કાવ્યોની નોંધપાત્ર એવી લાક્ષણિકતા છે. ઉપમા અલંકાર કવિ અખાનો પ્રિય અલંકાર છે. એકથી એક વિશેષ એવી ઉપમાઓ તે સહજ રીતે પ્રયોજી જાણે છે. એક જ ઉપમાથી કામ ચાલી જતું હોવા છતાં તે એકથી વધુ ઉપમાઓ પ્રયોજે છે. 'ઊંડો કૂવો ને ફાટી બોક, આંધળો સસરો ને સરંગટ વહુ, આંખનું કાજળ ગાલે ઘસ્યું' વગેરેમાં લોકોક્તિ વ્યંજનાથી સધાતી ચમકૃતિ આ રચનાઓને રસાળ બનાવે છે. એક અફીણ અને બીજો સંસારી રસ, કુબુદ્ધિજીવ ને કપાસ તે પેલીયા વોણા નાવે રાસ, જેમાં ઉપમા એક અને બીજું એમ કહીને કવિ વિશિષ્ટ રીત અપનાવે છે. કોઈવાર અખો જુદા જુદા દ્રષ્ટાંતો આપીને પોતાની કવિશક્તિનો પરિચય કરાવે છે. તેમની વાણીમાં ક્યારેક અટહાસ્યનો અનુભવ થાય છે તો કોઈવાર જાણે દાંત કચકચાવીને હૈયાવરાળ ઠાલવતો જોવા મળે છે. આવા દષ્ટાંતો ઉપમા રૂપકો દ્વારા આખરે તો જ્ઞાનની સરવાણી જ તે વહાવવાનો હેતુ રાખે છે. જ્ઞાની કવિ તરીકે અખો સમગ્ર મધ્યકાળમાં જુદોતરી આવતા નોંધપાત્ર કવિ પૂરવાર થાય છે. તે જગતના અને સંસાર જીવનના બધા જ વ્યવહારો પોકળ સંબંધોથી તે કોઈપણ રીતે છે કરાવવા માગતો નથી. આ બધા પદ કાવ્યોમાં રહેલું રહસ્યનું તત્વ તે પરમ તત્વને પ્રગટાવવા મથે છે. તેણે તત્વજ્ઞાનથી દોરવાયેલો જ્ઞાની કવિ છે. બ્રહ્મજ્ઞાનને રજૂ કરવા માટે જુદી જુદી વિશિષ્ટ અભિવ્યક્તિ સાધવામાં અખો માહેર છે અને આ જ તત્વ તેને જ્ઞાની કવિ તરીકે સિદ્ધ કરે છે.